દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બેઠક મળેલ. જેમાં નીચે મુજબના એજન્ડા મુજબ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. આ બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષચર-૧ મુજબ છે. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૨. એજન્ડા નં. ૧ :- ગૃહ વિભાગની ૨ સંવર્ગોમાં અનામતમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- કાર્યવાહી: ગૃહ વિભાગ દ્વારા વાયરલેસ પ્રભાગની પોલીસ સબ ઇન્સપેક્ટર(વાયરલેસ), વર્ગ-૩ અને ટેકનિકલ ઓપરેટર, વર્ગ-3, બંન્ને સંવર્ગોની ફરજોની વિગતો જણાવી દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની દરખાસ્ત ગૃહ વિભાગ દ્વારા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા આ સંવર્ગોની કામગીરીને અનુરૂપ ચાલી શકે તેવા દિવ્યાંગતાના પ્રકાર વિશે ચર્ચા કરવામાં આવી. RPwD Act, 2016માં દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકારમાં AAV તથા LC પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ આ સંવર્ગોની કામગીરી કરી શકે તેમ હોઇ, તેમને આ સંવર્ગો માટે માન્ય રાખવાનો તજજ્ઞ સમિતિ દ્વારા ઠરાવવામાં આવ્યુ. તથા ગૃહ વિભાગની ઉક્ત બંન્ને સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિની દરખાસ્તનો અસ્વીકાર કરી નીચે મુજબને દિવ્યાંગતાને માન્ય રાખવામાં આવી.

ગૃહ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | પોલીસ સબ ઇન્સપેક્ટર(વાયરલેસ) | 3 | ૨૫૬ | દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની દરખાસ્ત કરેલ છે. | | | | - | - | LC, AAV | - |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ટેકનીકલ ઓપરેટર | ૩ | ૭૬૨ | દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની દરખાસ્ત કરેલ છે. | - | - | LC, AAV | - |

૩. **એજન્ડા નં. ૨**:- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની કુલ ૨૮ સંવર્ગો પર દિવ્યાંગતા સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરી આ સંવર્ગો માટે ચાલી શકે તેવી દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા.

➢ **કાર્યવાહી**:- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની દરખાસ્ત હેઠળના સંવર્ગો પર ઉક્ત સંવર્ગોની ફરજો વિશે તજજ્ઞ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવેલ. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના કુલ ૨૧ સંવર્ગો તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકના ૭ સંવર્ગો મળીને કુલ ૨૮ સંવર્ગોમાં ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન પ્રકારના સંવર્ગને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ) | ૩ | ૦૩ | - | HH | OA, OL,D, LC, AAV | SLD | - | D, HH (40-70)% | OA, OL, CP,LC, Dw, AAV | SLD, MI, MD(40-70)% |
| ૨ | નાયબ કાર્યપાલક ઇજનેર(મિકેનિકલ) | ૨ | ૦૧ | - | HH | OA, OL,D, LC, AAV | SLD | - | D, HH (40-70)% | OA, OL, CP, LC, Dw, AAV, | SLD, MI, MD (40-70)% |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર (ઇલેક્ટ્રિકલ) | ૨ | ૦૧ | - | HH | OA, OL,D, LC, AAV | SLD | - | D, HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૪ | બાગયત અધિકારી | ૨ | ૦૧ | LV | D, HH | OA, OL, CP, Dw, LC, AAV | SLD, MI, MD | - | D, HH (40-70)% | OA, OL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૫ | જુનિયર ટાઉનપ્લાનર | ૨ | ૦૨ | | D, HH | OL, Dw, AAV | SLD, MD | - | D, HH (40-70)% | OL, Dw, AAV | SLD, MD (40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | સેનેટરી ઇન્સપેક્ટર | ૩ | ૧૩ | B, LV | D, HH | OA; OL, CP, Dw, LC, AAV | ASD(M), SLD, MI, MD | B, LV | D, HH (40-70)% | OA, OL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૭ | સેનેટરી ઇન્સપેક્ટર | ૩ | ૧૬ | B, LV | D, HH | OA, OL, CP, Dw, LC, AAV | ASD(M), SLD, MI,MD | B, LV | D, HH (40-70)% | OA, OL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૮ | પ્લાનિંગ આસિસ્ટન્ટ | ૩ | ૦૪ | - | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD | - | D, HH (40-70)% | OA,OL,OAL ,CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૯ | સર્વેયર/ડ્રાફ્ટ મેન | ૩ | ૦૫ | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI, MD | - | D, HH (40-70)% | OA, OL, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૧૦ | હાઉસ ટેક્ષ ઇન્સ્પેક્ટર/ટેક્ષ ઇન્સપેક્ટર | ૩ | ૧૨ | B, LV | D, HH | OA,BA, OL,BL, OAL, CP, Dw, LC, AAV | SLD, MI, MD | B, LV | D, HH (40-70)% | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૧૧ | સિનિયર ક્લાર્ક | ૩ | ૧૪ | B, LV | D, HH | OA,BA, OL,BL, OAL, CP, Dw, LC, AAV | ASD(M), SLD, MI, MD | B, LV | D, HH (40-70)% | OA,OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૨ | જુનિયર ક્લાર્ક | ૩ | ૭૦ | B, LV | D, HH | OA,BA, OL,BL, OAL, CP, Dw, LC, AAV | ASD (M), SLD, MI, MD | B, LV | D, HH (40-70)% | OA,OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૩ | સિનિયર ફાર્માસિસ્ટ/ સ્ટોરકિપર | ૩ | ૦૧ | - | D, HH | OA, OL, CP, Dw, LC, AAV | ASD (M), SLD, MI, MD | - | D, HH (40-70)% | OA, OL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૪ | લેબ ટેકનિશયન | ૩ | ૦૫ | - | D, HH | OA, OL,BL,OAL, Dw, LC, AAV | ID, SLD, MI, MD | - | D, HH (40-70)% | OA, OL, BL, OAL, LC, Dw, AAV | ID, SLD, MI, MD (40-70)% |
| ૧૫ | ફાર્માસીસ્ટ | ૩ | ૦૪ | - | D, HH | OL,BL, CP, Dw, LC, AAV | ASD (M) SLD, MI, MD | - | D, HH (40-70)% | OL, BL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૬ | સ્ટાફ નર્સ | ૩ | ૦૮ | LV | - | OL, CP, Dw, LC, AAV | SLD, MI, MD | LV | - | OL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૧૭ | મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઇઝર | ૩ | ૦૨ | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD | LV | - | OL, CP, Dw, LC, AAV | ID, MI, MD(40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | 3 | ૩૫ | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD(40-70)% |
| ૧૯ | મલ્ટી પર્પઝ હેલ્થ ઇન્સ્પેક્ટર | 3 | ૦૨ | LV | D, HH | OA, BA, OL, CP, Dw, LC, AAV | SLD, MD | LV | D, HH (40-70)% | OA,OL,OAL, BA, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૨૦ | ફિમેલ હેલ્થ સુપરવાઇઝર | 3 | ૦૪ | LV | - | OL, CP, Dw, AAV | ID,MI, MD | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD(40-70)% |
| ૨૧ | ફિમેલ હેલ્થ વર્કર | 3 | ૧૪ | LV | - | OL, CP, Dw, AAV | ID,MI, MD | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD(40-70)% |
| ૨૨ | ચીફ ઓફિસર | ૨ | ૭૭ | - | - | OA, OL, Dw, AAV | - | LV | | OA, OL,Dw, LC, AAV | SLD, MD (40-70)% |
| ૨૩ | ચીફ ઓફિસર | 3 | ૬૩ | - | - | OA, OL, Dw, AAV | - | LV | | OA,OL, Dw, LC, AAV | SLD, MD (40-70)% |
| ૨૪ | મ્યુનિસિપલ એકાઉન્ટસ ઓફીસર | ૨ | ૧૮ | - | HH | OA, OL, BL, Dw, AAV | - | B, LV (40-70)% | D, HH (40-70)% | OA, OL, BL, LC, Dw, AAV, MDy | MD (40-70)% |
| ૨૫ | મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ | 3 | ૩૨ | LV | HH | OA, OL,BL, Dw, AAV | - | B, LV (40-70)% | D, HH (40-70)% | OA, OL, BL,OAL,LC ,CP,AAV, Dw, MDy | MD (40-70)% |
| ૨૬ | મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ | 3 | ૧૧૧ | LV | HH | OA, OL,BL, Dw, AAV | - | B, LV (40-70)% | D, HH (40-70)% | OA, OL, BL,OAL,LC ,CP,AAV, Dw, MDy | MD (40-70)% |
| ૨૭ | મ્યુનિસિપલ ઇજનેર | 3 | ૧૬૧ | LV | HH | OA, OL, Dw, AAV | - | LV (40-70)% | D, HH (40-70)% | OA, BA, OL, BL, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૨૮ | મ્યુનિસિપલ સેનેટરી ઇન્સપેક્ટર | 3 | ૬૩ | LV | HH | OA, OL, Dw, AAV | - | B, LV (40-70)% | D, HH (40-70)% | OA,OL, LC, CP, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |

૪. એજન્ડા નં. 3:- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની કુલ ૧૭ સંવર્ગોમાં દિવ્યાંગતા સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરી આ સંવર્ગો માટે ચાલી શકે તેવી દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા.

- કાર્યવાહી: પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની નીચે મુજબની ૧૭ સંવર્ગોની દરખાસ્તમાં તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | એડિશનલ આસીસ્ટન્ટ ઇજનેર(સિવિલ) | 3 | ૯૩૮ | - | D, HH | OA, OL, Dw, LC, AAV | SLD, MD | - | D, HH (40-70)% | OA, OL, LC, Dw, AAV | SLD, MI MD(40-70)% |
| ૨ | કમ્પાઉન્ડર | 3 | ૧૫૪૫ | - | D, HH | OL, BL, CP, Dw, LC, AAV | SLD, ASD (M), MD | - | D, HH (40-70)% | OL, BL, CP,LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD (40-70)% |
| 3 | એક્ષ્ટેન્શન ઓફિસર(કૃષિ ) | 3 | ૧૨૯ | LV | D, HH | OA, OL,OAL, Dw, LC, AAV | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL, OAL, LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૪ | એક્ષ્ટેન્શન ઓફિસર(સહકાર) | 3 | ૨૫૦ | LV | D, HH | OA, OL,OAL, Dw, LC, AAV | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL, OAL, LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૫ | સ્ટેસ્ટિકલ આસીસ્ટન્ટ | 3 | ૨૬૬ | B, LV | D, HH | OA, OL,BL,CP, Dw, LC, AAV | SLD, ASD (M), MD | B, LV | D, HH (40-70)% | OA, OL, BL, CP, LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૬ | રિસર્ચ આસીસ્ટન્ટ | 3 | ૪૧ | B, LV | D, HH | OA, OL,BL,CP, Dw, LC, AAV | SLD, ASD (M), MD | B, LV | D, HH (40-70)% | OA, OL, BL, CP, LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૭ | ડિવિઝનલ અકાઉન્ટટ | 3 | ૫૮ | B, LV | D, HH | OA, OL, OAL, BL,CP,Dw, LC, AAV | SLD, ASD (M, MoD )ID, MD | B, LV | D, HH (40-70)% | OA, OL, OAL, BL, CP, LC, Dw, AAV, | ASD(M,MoD), ID, SLD, MI, MD (40-70)% |
| ૮ | સોશિયલ વેલ્ફેર ઇન્સ્પેકટર | 3 | ૨૫ | - | D, HH | OA, BA, OL, BL,CP,Dw, LC, AAV, Mdy | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL,BA, BL, CP, LC, Dw, AAV, MDy | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૯ | સ્ટાફ નર્સ | 3 | ૩૫ | LV | - | OL, CP, Dw, LC, AAV | SLD, MD | LV | - | OL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૧૦ | લેબોરેટરી ટેકનિશિયન | 3 | ૧૪૭૪ | - | D, HH | OL,BL, Dw, AAV | SLD, ASD (M), MD | - | D, HH (40-70)% | OL, BL, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | નાયબ ચીટનીશ | 3 | ૨૩૮ | B, LV | D, HH | OA, OAL, OL, CP,Dw, LC, AAV | SLD, ASD (M), ID, MD | B, LV | D, HH (40-70)% | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI, MD (40-70)% |
| ૧૨ | મુખ્ય સેવિકા | 3 | ૧૦૬૪ | LV | D, HH | OA, OAL, OL, AAV | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL, OAL, AAV | ASD(M), SLD, MD (40-70)% |
| ૧૩ | જુનિયર ક્લાર્ક | 3 | ૪૦૮૫ | B, LV | D, HH | OA, OAL, OL, CP, Dw,AAV, LC,Mdy | SLD, ASD (M), MD | B, LV | D, HH (40-70)% | OA,OL,BA, OAL, CP, LC, Dw, AAV, Mdy | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૪ | તલાટી/ ગ્રામ પંચાયત મંત્રી | 3 | ૧૧૮૧૦ | LV | D, HH | OA, OAL, OL, Dw, LC, AAV, | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL, OAL, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૫ | ગ્રામ સેવક | 3 | ૪૧૮૨ | LV | D, HH | OA, OAL, OL, Dw, LC, AAV, | SLD, ASD (M), MD | LV | D, HH (40-70)% | OA, OL, OAL, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD (40-70)% |
| ૧૬ | ફિમેલ હેલ્થ વર્કર | 3 | ૧૦૬૨૭ | LV | | OL, CP, Dw, AAV, | ID, MD | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD (40-70)% |
| ૧૭ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (મેલ) | 3 | ૧૦૬૨૭ | LV | | OL, CP, Dw, AAV, | ID, MD | LV | - | OL, CP, Dw, AAV | ID, MI, MD(40-70)% |

{ <u>Code and functional classification</u>:- Blind (**B**), Low vision (**LV**)(**40-70**)**%**, Deaf (**D**), [Hard of hearing(**HH**)(**40-70**)**%**], [Locomotor disability (**LD**) :- **OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**),
[Autism Spectrum Disorder (**ASD**) **M**-Mild, **MoD**-Moderate],
[Multiple Disabilities (**MD**) :- Disabilities included in group (**A**) to (**D**) )(**40-70**)**%**].

**૫. <u>એજન્ડા નં. ૪</u>**:- ભારત સરકારે બહાર પાડેલ તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર હસ્તકના સમાન સંવર્ગો માટે, ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતાને માન્ય રાખવા બાબતે દરેક વિભાગને સૂચના આપતો પરિપત્ર કરવા બાબતે તજ્જ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

➢ <u>કાર્યવાહી</u>:- ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોની મુક્તિ કે દિવ્યાંગતાની કેટેગરીમાં ફેરફાર કરવાની દરખાસ્ત

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની પેટા તજજ્ઞ સમિતિને ના મોકલતા ભારત સરકારના નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ જ અમલ કરવા અને તેમના વિભાગના સચિવશ્રીની મંજૂરીથી ઠરાવ બહાર પાડવા તેમજ જે સંવર્ગોનો ઉક્ત નોટિફિકેશનમાં ઉલ્લેખ ન થયેલ હોય કે ભારત સરકારના જાહેરનામામાં નિર્દિષ્ટ તમામ દિવ્યાંગતા સ્વીકારવા માંગતા ના હોય તો તેવા કિસ્સામાં સબંધિત જગ્યાની કામગીરી (Job Chart) ધ્યાને લઇ દિવ્યાંગતામાંથી મુક્તિ અથવા જે તે દિવ્યાંગતા ન સ્વીકારવા અંગેના કારણો આધાર સહિત પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવા માટે તમામ વિભાગોને પરિપત્રથી જાણ કરવા તજજ્ઞ સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી.

૬. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(એમ.એન.વાળા)
નાયબ નિયામક
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતની કચેરી

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

(દિનેશ પરમાર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# <u>એનેક્ષ્ચર-૧</u>

તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ.
4. સંયુક્ત સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
5. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ
7. નિયામકશ્રી, સમાજ સુરક્ષા વતી નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા.

બેઠકમાં ગૃહ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંબધિત અધિકારીઓ તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.